શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

## અવલોકન ગ્રંથમાળા

છાણાં થાપી આવ્યાં
ઓતરાતી દીવાલો ભાગ-૧
ઓતરાતી દીવાલો ભાગ-૨
ગામમાં
મામાની જાળ્ય
વાડામાં
ધોબીડો ધુવે છે
ગામડામાં મળજો

•


આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

•

રમ્યકથા ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
ચાલો પ્રવાસે ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનપરિચય ગ્રંથમાળા
હાસ્યવિનોદ ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા


આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ * અમદાવાદ-૧

ટાઈટલ : ન્યૂ સિટી પ્રેસ, અમદાવાદ.

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# અવલોકન ગ્રંથમાળા

## વાડામાં

પાઠકો : ગિજુભાઈ
અને તારાબેન





શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## અવલોકન ગ્રંથમાળા

●

# વાડામાં

: સંપાદક :

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ · ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦૦૦૨ : અમદાવાદ–૩૮૦૦૦૧

©
પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
ઑક્ટોબર ૧૯૭૬
પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂા. ૧૦–૦૮
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( જિ. ભાવનગર )

# વાડામાં

"અરે ભલા માણુસ! અમને ભૂલી જ ગયા?" બારી પાસેથી અવાજ આવ્યો.

બારી પાસે બેઠો બેઠો હું લખતો હતો. "કોણ છે? કોણ બોલ્યું?" કહી મેં બારીમાંથી બહાર જોયું.

બહાર કોઈ ન હતું; રસ્તે કોઈ ન હતું. સવારના પાંચ વાગ્યા હતા. હજી પક્ષીઓ પણ ઊઠયાં ન હતાં.

કલમ હાથમાં લઈ મેં આગળ લખવા માંડયું.

"તમારી બાળસાહિત્યમાળામાં અમારી વાત પણ જોઈએ. અમે પણ બાળકોને ગમીએ તો છીએ."

"અરે! આવું કોણ બોલે છે?" મને ઘણો અચંબો થયો અને આખી બારી ખોલી નાખી ઝીણી નજરે જોયું.

“ કેમ, શું જુઓ છો ? અમે કહીએ છીએ કે અમારા વિષે પણ લખો. એક અમે જ રહી જઈએ એ ઠીક નહિ.”

કેટલું બધું ચમત્કારિક ! ને કેટલું બધું નવાઈ જેવું ! આ લોકોને પણ બાલસાહિત્યમાળાની ખબર છે અને પોતાની વાત નથી આવી તે માટે દિલગીર છે !

મેં પૂછ્યું : “ બાલસાહિત્યમાળાની તમને ક્યાંથી ખબર ?”

“ વાહ ! એટલી પણ ખબર ન પડે ? તમારા ગોપાળરાવ ચારેકોર એની જાહેરખબર આપે છે, તે શું અમે નહિ જાણતા હોઈએ ? અને તમે રોજ રોજ નાની નાની ચોપડીઓ રતનભાઈને સંભળાવો છો તે અમે પણ સાંભળીએ છીએ.”

હું ખડખડ હસી પડ્યો. “ અજબ જેવી વાત છે ! આ લોકોને પણ કાન છે !”

“ કેમ શો વિચાર કરો છો ? લખશો ના ?”

મેં કલમ હાથમાં લીધી ને કહ્યું : “ વારુ ત્યારે, એક પછી એક બારી પાસે આવતાં જાઓ ને પોતાની વાત લખાવતાં જાઓ. બહુ લાંબી વાત



નહિ લખું, હો ? ચાળીશ પાનામાં બધું સમાઈ જવું જોઈએ.”

હું તો જોઈ રહ્યો. આ લોકો કેટલાં બધાં સંપીલાં છે ! ગડબડ સડબડ કર્યા વિના એક પછી એક તુરત જ સૌ ગોઠવાઈ ગયાં. બારીથી ક્યાંઈ દૂર સુધી તેમની એક મોટી હાર થઈ ગઈ.

પહેલા જણે કહ્યું : “ લ્યો, લખો ભાઈ ! આપણે તો જાણે નાનાં મોટાં સૌને વહાલાં; કાચાં યે ખવાઈએ ને પાકાં યે ખવાઈએ. નાનાં છોકરાં તો કરડકરડ ઉડાવે. અગિયારશ કે એવા ઉપવાસને દિવસે તો અમને બાફે; અમારી છાલ ઉતારે; પછી એમાં ઘી ને સાકર કે દૂધ ને સાકર નાખે, ને ખાય. અને પછી ભલે ને અગિયારશ ગમે તેવી કરી હોય, પણ ભૂખ જરા યે ન લાગે. હા, અમને જૈન લોકો નથી ખાતા. ખરેખરા જૈને તો અમને કદી ચાખ્યાં જ નહિ હોય ! વાત તો દિલગીરીની છે પણ શું કરીએ ? એનું કારણ તો એમ છે કે અમે ભોંયમાં થઈએ છીએ. અમને બધા કંદમૂળની જાતમાં મૂકે છે અને એ ભાઈઓ તો કંદમૂળ ખાય જ નહિ. અમારી જેવાં બીજાં કંદમૂળ પણ જૈન લોકો નથી ખાતા. એમના ધરમની ના.

આપણે શું કરીએ ?"

બારી પાસેથી બીજો અવાજ આવ્યો : "આપણે કાંઈ બાળકોને ગમ્યાં લાગતાં નથી. બાળકો જો આપણને સુધારવા બેસે તો તેમની આંખમાંથી પાણી જાય. ને આપણી વાસ પણ જાણે કે એવી ગંધારી કે કેટલાક લોકો આપણને અડે પણ નહિ; અડતાં પણ અભડાઈ જાય ! ઘણા મોટા લોકો અમને ખાય ખરા, પણ છાનામાના. ઘરમી લોકોને ખાવાનું મન થાય તો કો'કને ત્યાં કરાવે. બાકી અમે લોકોને વા'લી. રોટલો ને અમારું શાક : ઓહો ! અને કાંઈ મીઠું લાગે ! ને લીલી ને લીલી રોટલા સાથે ખાય તો એની મજા તો ખાનારો જ જાણે. પણ ન ખાય એને શી ખબર ?"

"બાકી દક્ષિણી લોકોને અમે બહુ જ ભાવીએ. જ્યાં ત્યાં અમને તો નાખે જ નાખે. હવે એક લાડવા, શીરો ને એવી મીઠાઈઓ બાકી રહી છે. વખતે એમાં પણ નાખવા માંડે !"

"હા, નાનાં છોકરાંને તીખી લાગીએ, પણ એ અમને ખાય નહિ તો ગાય તો છે જ :

**ડુંગળી ડોળા તાણે રાજ,**
**કણજર કાકો પરણે છે.**



અને છોકરાં તો અમારું વરત નાખે છે—

**સો આંબા સો આંબલી,**
**બસો બીજાં ઝાડ;**
**કોર વિનાનું પાંદડું,**
**રાજા ભોજ કરે વિચાર.**

જુઓ વરત બનાવવાળા કેવા હોશિયાર છે ?"

ડુંગળીબાઈ ખસી ગયાં ને બારી પાસે એક ભાઈ દેખાયા.

"એ નમસ્કાર, નમસ્કાર !"

મેં કહ્યું : 'એ નમસ્કાર !" પણ એ તો મારા રોજના જાણીતા ગૃહસ્થ હતા.

"વારુ, સાહેબ ! લખો ત્યારે આપણી વાત. અમે છીએ તો પરદેશી; અમેરિકાના મૂળ વતની પણ પછી તો દુનિયા આખીમાં આવી ગયા. હવે તો 'સબ ભૂમિ ગોપાલ કી.' અમારે તો દુનિયા આખી અમારો દેશ. ને એક જૈનને જવા દઈએ તો સૌ અમને ખાય; મુસલમાનો ને હિંદુઓ, યુરોપિયનો ને પારસીઓ સૌ અમને ખરીદે. તેમાં યે બધા સુધરેલાને તો અમારા વિના એક દિવસ ન ચાલે. 'પતેતાં' એક દિવસ ન મળે

તો જાણે કે દિવસ બગડે ! જૂનાં હોઈએ, સડેલાં હોઈએ, પણ અમે પડ્યાં ન રહીએ. સોંઘાં થઈએ તો ય મૂળામોગરી જેટલાં તો ન જ થઈએ."

મૂળામોગરીને આ વાત ગમી નહિ. પણ તેઓ સભ્ય હતાં. દૂર દૂર જરા શરમાઈને ને મનમાં કચવાઈને ઊભાં હતાં.

મેં કહ્યું : "આપણે પોતાની જ વાત કરો ને !"

"જરા માફ કરો, અમે તમારી જેવાં જ વાતોડિયાં છીએ. એ તો ઠીક, પણ અમને નાનાં છોકરાં પણ શેકીને ખાય છે; ને ત્યારે અમે ખૂબ મીઠાં લાગીએ છીએ. ફરાળમાં પણ અમે છોકરાંને ભાવીએ છીએ. ને નાનાં છોકરાંને ખબર નથી કે અમારી ખાંડ તેઓ ખાય છે. લોકો પણ કાંઈ છે! ખાતાં વધી પડ્યાં તો કે' કાઢો એની ખાંડ. કાંઈ નકામું જવા દેવાની વાત જ નહિ !"

"વારુ, હવે બસ રાખીશું ? હજી ઘણાં બાકી છે."

નમસ્કાર કરી તે સદ્‌ગૃસ્થ પાછા ગયા ને મોજમાં મરડાતું મરચું આવ્યું.



મેં કહ્યું : "બાળકોને આપ કેટલા પ્રિય છો એ ખબર છે ને ?"

"હું તે બરાબર જાણું છું. બિચારાં ભરેલાં મરચામાંથી એકાદ મોળું જાણીને મોંમાં મૂકે, ત્યાં તો તેમને 'ઓયવોય, ઓયવોય !' કરાવું છું. આંખમાં અને મોઢામાં પાણી આણું છું. જો ભૂલેચૂકે દાળશાકમાં વધારે પડ્યું હોઉં તો બિચારાંને દાળશાક વિનાનાં રહેવું પડે છે. કાચું યે તીખું ને પાકું યે તીખું. છોકરાંઓને અને મારે દોસ્તી જ ન થાય."

"ત્યારે આપને આ ચોપડીમાં ન લઈએ તો !"

"તો મારો કાંઈ આગ્રહ નથી. પણ આ ચોપડીમાં ક્યાં મને ખાવું છે? ચોપડીમાંથી તો વાંચવું છે ના? એમ તો છોકરાંઓને મારો રંગ ગમે છે; મારો ઘાટ પણ ગમે છે. મારાં તોરણ કરે તો સુંદર લાગે. ને પેલી કણજર કાકાની કવિતામાં મને ગાય છે ત્યારે ક્યાં કોઈની આંખો કે મોં બળે છે? જુઓ—

**મરચું બહુ મોજે માણે રાજ,**
**કણજર કાકો પરણે છે."**

"પણ હવે તમને ચોપડીમાં નહિ લઈએ."

"વારુ, રામરામ ત્યારે. આપણે મોટા માણસોની ચોપડીમાં જઈશું."

ત્યાં તો મારાં મિત્રો આવ્યાં. મેં પૂછ્યું: "અહો! તમે તો હમણાં દેખાતા જ ન હતાં?"

"એટલે અમારું તો એવું ખરું ના, કે વખત આવે ત્યારે દેખાઈએ."

"પણ બે આને અને અઢી આને શેર વેચાઓ એ તો બહુ આકરું!"

"પણ એ તો પાકાંની કિંમત છે. કાચાં તો ત્રણ પૈસે હાડહાડ છીએ."

"વારુ ત્યારે, આપને વિષે શું લખવું જોઈશે?"

"એ તો આપ જાણો છો ના કે કાચાં હોઈએ ત્યારે રંગે લીલા ને સ્વાદે ખાટાં ને પાકાં થઈએ ત્યારે રંગે લાલ ને સ્વાદે ગળ્યાં."

મેં કહ્યું: "મને બહુ ભાવો છો. હું તો તમને આખાં ને આખાં જ મોઢામાં મૂકી દઉં છું. ને તમારી કચુંબર બહુ સરસ લાગે છે."



"ને નાનાં બાળકો ક્યાં અમને જતાં કરે છે? પણ વાત એમ છે કે અમને મોંઘાં વેચે એટલે પૈસાદારનાં છોકરાં ને પારસીનાં ને સાહેબનાં છોકરાં જ અમને ખાઈ શકે છે. અમને એમ તો થાય છે કે બધાં છોકરાં અમને ખાય તો કેવું સારું? છોકરાંને જરા કહેજો કે ઘરના વાડામાં અમને વાવે. તો અમે મોંઘાં નહિ પડીએ. છોકરાંને અમારું નામ તો આવડે છે, પણ તો યે કહેજો ને કે આ બધું ટમાટાંએ લખાવ્યું છે."

ટમાટાં ગયાં ને પીંછડાવાળા ભાઈબંધ દેખાયા.

"કાં, વાત લખો છો ને? મારી ઓળખાણ આપને આપવાની જરૂર નથી. આપ તો રહ્યા બ્રાહ્મણ એટલે મને ઓળખો જ. લાડવા ને મૂળા કેવા સરસ ભાવે છે? બ્રાહ્મણોએ ભારે અજબ શોધ કરી છે. વારુ સાહેબ! બધાં નાનાં છોકરાંને જરૂર કહેજો કે મૂળા ખૂબ ખાય. અમે જરાક તીખાં લાગીએ છીએ, પણ જરા મીઠામાં બોળશે તો ખારા લાગશું. અમને જે તાજા તાજા ખાય તો ખાનારા તાજા થાય. કહે છે કે અમારામાં 'વિટામિન' બહુ છે."

“વાહ રે મૂળાભાઇ! તમને વળી વિટામિનની ક્યાંથી ખબર?”

“અરે સાહેબ! આજકાલ તો કોઈ કોઈ ઘરનાં નાનાં નાનાં છોકરાં પણ કહે છે કે મૂળામાં વિટામિન છે, વિટામિન છે. અમને ખાતાં ખાતાં આવું બોલે એટલે સાંભળીએ તો ખરા જ ના?”

“અને વિટામિનનો અર્થ આવડે છે?”

“અર્થ તો કોણ જાણે, પણ વિટામિન એટલે એવું હશે કે જે ખાવાથી તાજા તાજા થવાય.”

“વાત તો સાચી છે. તમે બધાં શાકમાં એવો ગુણ છે કે કાચાં ખાઈએ તો સ્ફૂર્તિ આવે ને શરીર સારું થાય. ને મૂળા ને મોગરી ને ટમેટાં કે કોબી ને એવામાં તો ઘણાં વિટામિન છે.”

“ત્યારે બ્રાહ્મણોએ અમને પસંદ કર્યા હશે! ને લોક પણ, અમને એટલા જ માટે ખાતા હશે. રોટલા ને મૂળા બહુ સરસ લાગે છે, ખરું?”

ત્યાં તો કોઈ બોલ્યું: “કોણ જાણે શા માટે મારે માટે સૌએ ગાયું હશે—

**મોગરી ઘરડે વેશે રાજ,**
**કણુજર કાકો પરણે છે.**



જુઓ. હું કાંઈ ઘરડી છું? કેવી મજાની કૂણી કૂણી છું?”

મને મોગરી ખાવાનું મન થયું. પણ જો મોગરી ખાઈ જાઉં તો પછી વાત લખાવે કોણ?

મોગરીને મેં પૂછ્યું: “કહો, શું લખાવવું છે તમારે?”

મોગરી કહે: “એમ લખો ને કે મૂળાના કાકાની દીકરી મોગરી. મોગરી લાંબી લાંબી સાપ જેવી. રંગે જાંબલી કાળી. સ્વાદે તીખી. કોઈને ભાજી બહુ ભાવે ને કોઇકને તો જરા યે ન ભાવે. એનો મઠો સુંદર થાય—જરા દહીં નાખે તો, હો કે? લ્યો બસ, આટલું લખજો વધારામાં. છોકરાંઓને કહેજો કે મોગરી ખુશીમાં છે, સાજીતાજી છે, ને ઘરડી નથી પણ નાની છે. એ રામરામ!”

“વાહ મોગરીબાઇ! તમે ટૂંકું બોલ્યાં ને સુંદર પણ બોલ્યાં. તમને ઘરડાં કોણ કહે? ઘરડાં તો ટકટક કરે; તમે તો મજા કરાવી.”

ત્યાં ઘરમાંથી અવાજ આવ્યો: “એ ચા-પાણીનો વખત થયો છે; જરા આવી જાઓ.”

મેં સૌને કહ્યું: “ભાઈઓ અને બહેનો!

જરા ઊભાં રહેજો. હું ચા પીઈને આવું.”

સૌએ હાથપગ ને માથું હલાવી હા પાડી ને હું રસોડામાં ગયો.

“નાના કાકા! આજે શું લખો છો?”

“આજે? આજે વળી કંઈક નવું હાથ આવ્યું છે.”

“શું છે, લાવો જોઈએ? જરા વાંચી તો સંભળાવો?”

મેં લખેલું આણ્યું ને વાંચી સંભળાવ્યું.

રતનલાલ કહે: “કાકા! આ વાર્તા ફક્કડ થશે. મને તો લાગે છે. લખો લખો, આગળ લખો; અમને ગમે એવું છે. પણ આપણા ઘર પાસે વાડીવાડો તો નથી....”

“એમાં વાડીવાડાનું ક્યાં કામ છે? એ તો આપણે જોડી કાઢવાનું છે.” મેં કહ્યું.

રતનલાલ કહે: “તો તો હું પણ આવું લખવા માંડીશ.”

મેં કહ્યું: “તો તમને ના કોણ પાડે છે! બાળકોના લેખોની પણ એક ચોપડી થવાની છે.



એમાં તારો લેખ પણ લેશે. જઈને સંપાદકોને આપી આવજે.”

રતનલાલ કહે: “ફિકર નહિ. આપણે પણ લેખક થઈએ.”

ચા પીઇ ને હું બારી પાસે ગયો. પણ ત્યાં તો હાર વીંખાઈ ગઈ હતી. સૌ પોતપોતાને વેલે અગર છોડે જઈને બેઠાં હતાં. અમારા રવજીભાઈ ઝોળી લઈને એક પછી એકને તોડીને ભરતા હતા. હું કલમ-કાગળ લઈને બેઠો પણ કોઈ બોલ્યું નહિ. મને થયું કે હવે કાલે સવારે બોલશે.

બીજી સવાર પડી ને હું જરા વહેલો ઊઠ્યો ને લખવા બેઠો ત્યાં તો અવાજ આવ્યો: “એ રામરામ, રામરામ!”

“રામરામ, રામરામ!” મેં કહ્યું.

એણે બારીના સળિયામાં આવી હાથ મિલાવવા વિચાર કર્યો, પણ એના હાથ જાડા ને લંબગોળ એટલે બારીએ અથડાઈને પાછા દડી ગયા; દડબડ દડબડ કરતા ક્યાંઈ ગયા. સૌને જરા હસવું આવ્યું પણ ખાળી રાખ્યું. પણ એ પાછા આવ્યા ને બોલ્યા: “જુઓ ભાઈ! મારે જરા

ઉતાવળ છે. એટલું લખી લ્યો ને કે અમે કોળાં કહે-વાઈએ. આવડાં મોટાં થઈએ પણ વેલા પર જ: પાતળો સરખો વેલો ને જાડાં સરખાં અમે. પણ અમારું શાક સુંદર થાય છે. જરા ગાળ-કોકમ નાખે તો આહા! બાકી અમને ઘોડાના માંસને બદલે હવનમાં નાખે છે તે અમને નથી ગમતું. પણ લોકો વહેમી મટે ત્યારે ને?"

"ને છોકરાંને માટે આટલું લખો કે કોળાનાં ફૂલો સુંદર અને મોટાં થાય છે; ને એનાં બિયાં નાખી ન દેશો પણ ખાજો. કાજુ જેવાં મીઠાં લાગશે. ચીભડાનાં, કોળાનાં ને એવાં બિયાં ખવાય. ને ગરીબનાં છોકરાંઓ તો ખાય જ ના!"

કોળું દડબડ કરતું ક્યાંઈ નીકળી ગયું. જોઉં છું તો તે જઈને એક કોથળામાં પેઠું. આજે તે વેચાવા જવાનું હતું; કોથળામાંથી છૂટીને નામ નોંધાવવા આવ્યું હતું.

કોળું ગયું ને કેટલીએક બહેનો આવી.

મેં કહ્યું : "આવો કડવીબેન! આવો તીખી-બેન! આવો ખાટીબેન!"

તેઓ તો ખડખડ હસી પડી મને કહે : "ક્યાંક તમારી ચોપડીમાં અમારાં આવાં નામ ન લખતા! છોકરાંઓ ઓળખશે પણ નહિ."

મેં કહ્યું : "ના રે, હું તો મેથી, રાઈને લૂણી એવાં નામ લખીશ; પછી છે કાંઈ? લ્યો બોલવા માંડો; હું તમારું પણ લખવા માંડું."

મેથી કહે : "તો લખો ત્યારે કે અમે તો ભાજીઓ કહેવાઈએ; મોટાં મોટાં શાક નહિ. પણ અમને જો ખાતાં આવડે તો બહુ મીઠાં લાગીએ. અમારું બડથલ થાય, મઠિયાં થાય...."

"વારુ, પણ આ રીંગણાં જરા ઊંચાંનીચાં થઈ રહ્યાં છે એટલે હવે જાઓ."

તાંદળજો કહે : "પણ એક વાત લખજો જ લખજો. તાંદળજો ખાવાથી ઝાડો સાફ આવશે. સોંઘું ભાડું ને સિદ્ધપુરની જાત્રા. એક પૈસાને તાંદ-ળજે પેટ સાફ."

"આવો નામદાર! આપ તો બાદશાહ અને બીરબલની વાતોમાં પણ છો!"

લીલી ટોપીને અને નીચેનો કાળો ડગલો સરખો કરતા ભાઈ બોલ્યા : "એમ છે! આખા હિંદુસ્તાનમાં અમને સૌ ઓળખે, અને અમે સૌને

વહાલાં પણ ખરાં. વારુ મારે જરા ઉતાવળ છે. મારા તરફથી તમે જ મારું લખી નાખજો. જે કેટલાંક ભાઇબિંધો હજી આવી પહોંચ્યાં નથી તેમને તેડવા જવું છે, ને કેટલાંક તો અહીં રહેતાં નથી તેમને પત્રો લખવા છે; કોઈ કોઈ માટે તો તાર પણ કરવા પડશે. આ ચોપડીમાં કોઈ રહી જવું ન જોઈએ. "

મારે જ એ સાહેબ વિષે લખી નાખવું પડે છે. મને તો એ બહુ ભાવે છે. શિયાળામાં તો તાજાં તાજાં મળે, અને એનું શાક તો સારું જ થાય; પણ એની કઢી ? ઓહો ! કાંઈ રોટલા સાથે મીઠી લાગે ! ને એનો ઓળો ? જરા તેલ ને મીઠું નાખે અને પછી ખવાય. ઓળો તો છોકરાંઓ પણ ખાય. એમાં જરા દહીં નાખ્યું હોય તો ઓર મીઠાશ આવે. એને કાચું પણ ખવાય. કાચું ખાવાથી તો રાંધીને ખાવા કરતાં યે ફાયદો થાય !

"તે વાત તદ્દન સાચી છે." એક નવા જણે ડોકું ઊંચું કરી કહ્યું. "નવી શોધ પ્રમાણે એમ છે કે શાકો કાચાં જ ખાવાં જોઈએ. તેમાં ય ચીભડાં,



કોબી, ટીંડોરાં, રીંગણાં, ભીંડો, ગાજર ને દૂધી તો કાચાં જ મીઠાં લાગે છે."

મેં કહ્યું : "વાત સાચી છે. કંઈ કંઈ તો અમે કાચું કાચું ખાઈએ."

પેલા નવા જણે કહ્યું : "બાળકોને તમે લોકો કાચાં શાકો ખાવા દેતા નથી. તમે ડરો છો કે રખે ને પચશે નહિ. પણ એ વાત ખોટી છે. ભાવે તે શાક કાચું કરડવા દેવું. એમાં ખરો સ્વાદ પણ છે. તમારાં મશાલાવાળાં શાકો કરતાં આ એમને વધારે ભાવશે."

"પણ અમને કેવળ કાચાં જ શાક ન જોઈએ. રાંધેલાં અને મશાલાવાળાં શાકો સરસ લાગે છે."

"એ તો તમને જૂની ટેવ પડી છે એટલે. છોકરાંઓને બાફેલાં શાકો આપો જોઈએ ? તેઓ હોંશથી ખાશે. દૂધી ગળી લાગશે, ચીભડું પણ ગળ્યું લાગશે, ને બીજી વાત એમ છે કે બાફેલાં શાકોમાં એક જાતની પોતાની જ સુગંધ આવે છે, તે તળેલાંમાં નથી આવતી. તળેલાં બધાં શાકોમાં મશાલાનો સ્વાદ એટલો બધો હોય છે કે મૂળ શાકનાં વાસ

કે સ્વાદ આવે જ નહિ."

મેં કહ્યું : "પણ આવો બધો અનુભવ ક્યાંથી લીધો ?"

એ કહે : "હું તો દેશપદેશમાં રહેનારી ખરી ના, એટલે તમે સૌ મને કેમ ખાઓ છો એની ખબર પડે."

"વારુ કોબીબેન ! તમે બહુ નવી વાતો કહી ગયાં. જોઈશું, બાફેલા શાકની પણ મજા લઈશું."

વાત કરું છું ત્યાં કેડ મરડતાં મરડતાં એક બાઈ આવ્યાં. "આવો, રીંગણાંની બેનપણી ! તમે અને રીંગણાં સાથે મીઠાં લાગો."

"ઘણી જૂની દોસ્તી છે. પણ આ બટેટાં આવ્યાં ત્યારથી બધાં 'રીંગણાંબટેટાં' 'રીંગણાં-બટેટાં' કરવા લાગ્યાં છે. પણ ઋતુમાં ઠીક છે; પાંચ દિવસ આપણને પણ રીંગણાં સાથે નાખે છે."

"કહો બાળકો માટે...."

"બાળકો માટે તો હું પોતે જ છું. મને જરા શગડી પર શેકે ને ખાય નહિ ? અગર દાણા કાઢી લોઢીમાં જરા ભૂંજે. કાચા દાણા ય મીઠા તો લાગશે. સુકાયા પછીથી પણ છોકરાંઓ તો અમને



ચાહે જ છે. શિંગવટાણા, રેવડીવટાણા, એ લોકોને ખાવા બહુ ગમે છે. વારુ, સાહેબજી !'

"અરે, એટલામાં જ જશો ?"

"હા. મારે જરા એક જણને મળવા જવાનું છે. માફ કરજો."

"કાં, સૌની હકીકત આવી ગઈ ?"

"ના, હજી આવતી જાય છે. લ્યો ત્યારે આપણે કંઈ હકીકત નથી આપવી. અમારે તો અમારી જાતને જ આપવી છે. છોકરાંઓ ચોપડી વાંચશે એમાં ગણ્યું મોડું નહિ થાય. લ્યો જુઓ, અમારાં ચીરિયાં કરજો. અથવા એમ ને એમ ખાવા આપજો. ગાજર ખાઈને પાણી પિવાય નહિ; સ્વાદ કડવો-તરો લાગશે. તમે મોટાંઓ અમારું અથાણું ખાજો. ને અમારું શાક પણ થાય છે."

એમ કહેતામાં તો ગાજરનો ઢગલો થઈ પડ્યો. ત્યાં વળી ચીભડાં-કાકડી આવ્યાં.

ચીભડાં કહે : "અમારે પણ કંઈ લખાવવું નથી. બાળકોને માબાપો ચીભડાં કાકડી ખવરાવે એટલું જો લખાતું હોય તો લખો. સૌ નકામાં બીએ છે કે ચીભડાં-કાકડી ખાવાથી તાવ આવે ને માંદા

પડાય. એમ તો માંદા કાંઈ પડાતું નથી. હા, બહુ ન ખાવું જોઈએ. અને એ વાત તો સૌ જાણે જ છે ના ?"

"વારુ ત્યારે, તમારું કામ પૂરું થયું. જય જય !"

"એ જયજય !"

ત્યાં એક ભાઈએ જરા ઠપકો આપતા હોય એમ ઠાવકાઈથી કહ્યું : "જુઓ, હવે તો ખાતરી થઈ ના કે કવિતા એટલે એમાં કવિઓના ગપ્પાં પણ આવે ? એમાં લખ્યું છે—

**ભીંડાભાઈ આગે ભાગે રાજ,**
**કણજર કાકો પરણે છે.**

પણ કહો, હું જરા યે આગળ દોડી આવ્યો છું ? ને ખરી રીતે મારે એટલી ઉતાવળથી આવવું પણ ન જોઈએ. ભાઈઓ ! હું કાંઈ એટલો બધો પ્રિય નથી. મને જરા કાચો ખાય તો સારો લાગું. પણ ત્યાં તો માબાપો કહેશે, 'એ કાચો ભીંડો ન ખવાય. ચોંટ રહેશે, ચોંટ રહેશે !' એકબે શિંગો કૂણી કૂણી ખાઈ જાય તો કાંઈ ન થાય. બાકી તમે



મોટાંઓ મને ખૂબ ખાઓ છો, અને આખો પણ બનાવો છો. મારે બીજું તો કાંઈ નથી લખાવવું, પણ મારે મારું અંગ્રેજી નામ લખાવવું છે. મારકીટમાં એ લોકોના માણસો શાક લેવા આવે છે ત્યારે કહે છે : 'યે લેડીઝ ફિંગર કા કયા દામ ?' આ લેડીની આંગળીઓનો શો ભાવ ?"

"તમે સમજ્યા જ હશો કે લેડીની આંગળીઓ એટલે સ્ત્રીની—બાનુઓની આંગળીઓ. અમારો આકાર કાંઈક એવો તો છે જ. પણ એ લોકોને ત્યાં અમે નહિ થતાં હોઈએ એટલે અમારું આવું નામ પાડયું : 'લેડીઝ ફિંગર.' ભીંડો નામ સુંદર કે લેડીઝ ફિંગર ? બાકી એક ભલામણ વધારે કે અમારાં ડીંટિયાંથી છોકરાંઓ જમીન પર આકારો બનાવી શકે : નિસરણી, ગોળ, ચોરસ, ઘર, ઘોડિયું, કળશો, સૂરજ, ચાંદો ને એવું બનાવી શકે. વારુ, સાહેબજી !"

ભીંડાની શિંગો ગઈ ને ગાન સંભળાયું :

**હાં હાં રે ઘડૂલિયો ચડાવ ને, ગિરધારી !**
**તારા હાથની આંગળિયું રે, ગિરધારી !**
**જાણે ચોળા મગની શિંગું,**
**ઘડૂલિયો ચડાવ ને ગિરધારી !**

"અમને ઓળખ્યા ?" ચોળાની શિંગે આગળ આવીને કહ્યું. "મેં ગાયું તો ચોળા અને મગ બંને વિષે, પણ આવી છું તો હું એકલી. લ્યો, આ ટોપલી ભરીને આવી છું. આપજો છોકરાંઓને ભેટ. કડકડ કડકડ એ લોકો ખાઈ જશે. માબાપો અડધો શેર અથવા શેર શાક લાવે ને પછી એકબે શિંગો છોકરાંઓ લેવા જાય તો કહે છે : 'શાક શાનું કરશું? લેશો નહિ.' પણ છોકરાંઓ તો એકબે શિંગો ખેંચી જઈને ખાઈને જ જાય. તાજી ચોળાની પાંચપચીસ શિંગો તો સારી. મોટાંને શાક ભાવે તો ખાય. નાનાંને પાંચ શિંગો ખાવા દેજો જ. આટલું તમારી ચોપડીમાં જરૂર લખજો."

મેં કહ્યું : "લખ્યું; બસ ?"

મારી પાસેથી કારેલાં પસાર થઈ દૂર ચાલ્યાં જતાં હતાં.

મેં કહ્યું : "એ....ઊભાં રહો; જો ઉતાવળ હોય તો તમારી વાત ઝટ નોંધું."

"ના ના, અમારે બાળકોને એવું કશું આપવાનું નથી. અમે તો કડવાં એટલે શરમાઈએ છીએ. બાળકોને કડવું કેમ ભાવે ? અમે જઇશું."



કારેલાં ગયાં ને નાના સરખા કાચબા જેવું ચાલ્યું આવતું દેખાયું. હું નજર માંડી જોઈ રહ્યો. પોતાના જેવો અવાજ કાઢી બોલ્યું : "એ તો હું છું. વજનદાર શાક છું. મારું નામ તો જાણે કે તમે બરાબર જાણો છો. અને ફરાળમાં મને સૌ બાફીને ખાય છે. છોકરાંને પણ મીઠું તો લાગું જ છું. મારી એક જાત જંગલી થાય છે; એ તો ખવાય જ નહિ. અરે ! એને હાથ લગાડો તો હાથે ચળ આવે ! બધાં એને કહે છે: 'ખંડેરિયું સૂરણ.' અમે એટલે બટેટાં, સૂરણ ને ડુંગળી કેટલા યે દિવસ અને હું તો મહિનાઓ સુધી એવાં ને એવાં રહીએ. દેશપરદેશ અમે જઈ શકીએ, ને મારી આ પીઠ તો હાથીના જેવી એટલે ગમે તેટલું પછડાઉં તો યે આપણને થોડુંક કંઈ થાય છે ? સૂરણબટેટાં, રીંગણાંબટેટાં, એમ અમે થઈએ. વળી મોટી નાતોમાં તો અમારું ખાસ કામ. ભાજીબાજીને કોણ વીણે ને સુધારે ? બટેટાંનું સુખ કે બાફી નાખે ને છાલ ઉતારીને કટકા કરે કે આ ચાલ્યું. મારું પણ એવું જ. છાલ ઉતારી મોટા મોટા કટકા કર્યા કે કામ પાધરું." આટલું કહેતાં કહેતાં સૂરણજી ચાલ્યા ગયા.

એટલામાં રૂંઢમૂંઢ ગોળમટોળ બાનુઓ આવી. રંગે ધોળી લીલી હતી. પરદેશથી આવેલી એટલે એ એવી હશે એવું ચાલોને બેસારી દઈએ.

"જરા લખાવવું રહી ગયેલું તે ફરી વાર આવવું પડ્યું. આ અમારી પડની હકીકત ખાસ લખો, એક કાઢો એટલે બીજું નીકળે, ને બીજું કાઢો એટલે ત્રીજું નીકળે. તમે તો અમને 'કુબલાખાન' કહીને બોલાવો છો, પણ ભાઈશા'બ! અમારું અસલ નામ કેબેજ છે. તમારા દેશમાં આવીને કોબી કહેવાયા. કોઈ વળી કરમકલો કહે છે. એમ તો દેશ પરદેશમાં જુદાં જુદાં નામ તો પડે જ ના? પણ અમે સસલાને બહુ ભાવીએ છીએ. એ ખબર છે?"

"હા ખબર તો છે. પણ હવે તમારે ખાસ બીજું શું લખાવવું છે તે કહો જોઈએ?"

"ખાસ તો એવું કાંઈ નથી, પણ મારી સૂકવણી કરવી હોય તો...."

"સૂકવણી, સૂકવણી સૂકવણી! એ તો અમારી જ સરસ થાય છે." દૂરથી જરા નજીક આવી ભીંડાએ તથા ગુવારે કહ્યું.



તૂરિયા પણ કહે: 'સૂકવણી તો લોક અમારી પણ કરે છે."

કંટોલાં અને કારેલાં કહે: "કરવી હોય તો અમારી પણ થાય."

"પણ સૂકવણી એટલે શું એ મારે આ ચોપડીમાં લખવું કે નહિ?"

ગુવાર કહે: "હા, લખો; હું લખાવું તેમ લખો. લીલાં શાકને સૂકવીને રાખી મૂકે તેનું નામ સૂકવણી. જ્યારે લીલાં શાકો ન મળે ત્યારે સૂકવણીનું શાક થાય. સૂકવેલ શાકને બાફી નાખે ને પછી એમાં મશાલો નાખે."

"ઓહો ગુવારભાઈ! આ ચોપડીમાં તો બહુ લખાયું! વારુ, પણ કહે છે કે તમારું મૂળ નામ ગૌઆહાર છે, એ સાચું કે? ગુવાર તો પછીથી પડેલું નામ, ખરું?"

"હા, વાત સાચી; ગાયોને અમે બહુ ભાવીએ. ખાણરૂપે અમને ગામડામાં આપતા હશે એટલે ગૌઆહાર નામ પડ્યું હશે."

"ખાણમાં તો ગાજરને જ આપે છે એમ

જાણ્યું છે; પછી તો કોણ જાણે." મેં કહ્યું.

ગુવાર કહે : "મને પણ મારે વિષે બરાબર ખબર નથી. પણ કોઈએ કહ્યું કે ગુવાર એટલે ગૌઆહાર, એટલે આપણે પણ એવું અનુમાન કર્યું છે."

"વાહ, ગુવારભાઈ! તમે પણ કેવા ભલા લાગો છો! વારુ, આ ચોપડીમાં આપ વિષેનું કાંઈ રહી જતું નથી ના?"

"ના ના, ખાસ કાંઈ નહિ. સાહેબજી સલામ!"

ગુવાર ગયો અને ટીંડોરાં દેખાયાં.

"કાં તમારું નામ ટીંડોરાં કે ગિલોડાં? અમારા પાડોશી એક સુરતીભાઈ છે તે તો તમને ગિલોડા કહે છે."

"તે બંને નામ ખરાં." ટીંડોરાંએ કહ્યું.

મેં કહ્યું : "તમારાં ઝાડ કેવડાં થાય?"

ટીંડોરાં હસી પડ્યાં. "ભલા માણસ! બાળકો માટે ચોપડીઓ લખો છો ને એટલી પણ ખબર નથી? ટીંડોરાં વેલાએ થાય. પણ ઊભા રહો; થોડાક તમને ય સવાલો પૂછવા દો. રીંગણાંનાં ઝાડ કેવડાં થાય?"

"રીંગણાંનાં ઝાડ ન થાય, સાહેબ! એના તો છોડ થાય. એમ તો મને ખબર છે."

"વારુ ત્યારે વધારે નહિ પૂછું. તમારી આબરૂ રાખવા દો."

મેં કહ્યું : "કહો જી, ત્યારે તમને કાચાં ને કાચાં ખવાય કે નહિ?"

"હા, કાચાં યે ખવાય ને પાકાંયે ખવાય. પણ કાચાં બહુ ન ખવાય. જોકે ઘણા ધારે છે કે કાચાં ખાઈએ તો પેટમાં દુખે, પરંતુ એ વાતો છેક જ ખોટી છે."

"ઠીક, બીજું કાંઈ નોંધવા જેવું ખરું?"

"બીજું? બીજું સાંભરતું નથી પણ અમારી કાચરી થઈ શકે. અમને આખાં ને આખાં ભરીને પણ ખવાય."

વાત ચાલતી હતી એટલામાં લાંબી લાંબી લીલી સોટીઓ આવી; હાથ હાથ લાંબી હશે. શરીર ઉપર જાણે કે દાંતા કાઢેલા હતા.

હું જોઈને ખુશ થયો.

મને કહે : "કેમ હસ્યા?"

મેં કહ્યું : "તમે મને અને મારાં છોકરાંને બહુ ભાવો છો એટલે. તમારી કાંઈ મીઠાશ!"

"પણ તમે માત્ર ચણાનો લોટ નાખીને જ ખાઓ છો કે બટેટાંની સાથે તાળીને પણ ખાઓ છો?"

મેં કહ્યું : "બંને રીતે."

"અને મારાં ફૂલની કઢી કરો છો?"

"હા, એ તો બહુ મીઠી થાય છે. પણ અમારા લોકો એ બહુ નથી કરતા. પરંતુ અમારા કેટલાએક પાડોશીઓ તો ફૂલને દીઠાં ન મૂકે."

સરગવાની શિંગો કહે: "તમને ભાવે છે ત્યારે લ્યો પાંચપચીશ આજે અહીં રહીએ. અમારે તો જ્યાં ત્યાં જવું જ છે, ને રંધાવું જ છે તો!"

મને થયું, આજે મીઠું શાક મળશે. પણ ત્યાં તો હું હસી પડ્યો. "અરે, આ તો બેઠો બેઠો કલ્પનામાં રમું છું. અહીં સરગવો પણ નથી ને સાકરકોળું પણ નથી; અહીં ટીંડોરાં પણ નથી ને શકરિયાં પણ નથી; અહીં તો હું એકલો બેઠો છું. મારા હાથમાં કલમ છે, સામે ખડિયો છે; હું મારી મેળે કલ્પના કરતો જાઉં છું ને લખતો જાઉં છું."



હું ખડખડ હસી પડ્યો. કલ્પનાસૃષ્ટિમાં મારી બારી પાસે કોઈ કોઈ શાક પોતાની વાત લખાવવા ઊભાં હતાં તે દેખાતાં બંધ થઈ ગયાં. મારું હસવું સાંભળીને રતનલાલ ઘરમાંથી દોડી આવ્યો. કહે : "કેમ હસો છો?"

મે કહ્યું : "એ તો અમસ્તું."

તે કહે : "ના; કહો, કહો ને કહો."

મેં કહ્યું : "એ તો શાકભાજીની સાથે વાતો કરતાં કરતાં હસી પડાયું."

"તે ક્યાં છે શાકભાજી?"

મેં કહ્યું : "હમણાં જ તેઓ ગયાં. પણ તેઓ જતાં જતાં આ આખી ચોપડી લખાવતાં ગયાં. ચાલ, વાંચી સંભળાવું."

રતનલાલ મારી પાસે બેઠો ને મેં આખી વાત વાંચી સંભળાવી.

રતનલાલે મને કહ્યું : "વાહ ! તમે પણ કાંઈ લખી મારો છો !"

*